# શ્રદ્ધા અને ભકિતથી જલારામ બાપાની શોભાયાત્રા નીકળી

## પૂ. બાપાની જન્મ જયંતિના મહોત્સવમાં ભાગ લેવા ૫૦૦૦ ભાવિક ભકતો ઉમટી પડયા



તસવીર : દિપક જાની

ગાંધીનગર, તા.૨૦

'જયાં ટુકડો, ત્યાં હરિ ઢૂકડો' સૂત્રને ચરિતાર્થ કરી અનન્ય સેવા યજ્ઞરૂપી જીવન જીવેલા સંત મહાત્મા એવા પ.પૂ.શ્રી જલારામ બાપાની ૨૧૩મી જન્મ જયંતિ ગાંધીનગરમાં ખૂબ જ શ્રદ્ધા અને ભકિતથી ઉજવવામાં આવી હતી. પ.પૂ. જલારામ બાપાના આશીર્વાદ મેળવવા ૫૦૦૦ જેટલા ભાવિક ભકતો તેમની શોભાયાત્રામાં ઉમટી પડયા હતા અને પૂ.બાપાના શરણમાં આવી જીવનની ધન્યતા અનુભવી હતી.

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા ગાંધીનગર સેકટર-૨૯ ખાતે શ્રી જલારામ બાપાના મંદિરે શ્રી જલારામ બાપાની ૨૧૩મી જન્મ જયંતિની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. દિવસ દરમિયાન પૂ. જલારામ બાપાના મંદિરેથી પૂ. બાપાની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોત્રાયાત્રામાં શ્રી જલારામ સેવા સમાજના પ્રમુખ તથા સહમંત્રી અમૃતભાઈ ઠકકર, વિનોદભાઈ તન્ના તરફથી સેકટર-૭ ખાતે પથિકાશ્રમ પાસે શોભા યાત્રીકોને ફ્રુટ સલાડ પીરસવામાં આવ્યું હતું. ઘ-૫ પાસે રમેશભાઈ ગટ્ટા તથા સંસ્થાના કોષાધ્યક્ષ રમેશભાઈ પૂજારા દ્વારા યાત્રિકોને શરબત પીરસવામાં આવ્યું હતું. ઘ-૪ પાસે પ્રભુલાલ મજીઠીયા દ્વારા ચા-બિસ્કીટ આપવામાં આવ્યા હતા.

શોભાયાત્રા પટેલ વાડી ખાતે વિરામ પામી હતી ત્યાંથી પરત ફરતાં સેકટર-૧૭, હનુમાનજી મંદિરે થી પંચદેવ મંદિર સેકટર-૨૨ થઈને ત્યાંથી પરત નીજ મંદિરે પહોંચી હતી. શોભાયાત્રામાં સંસ્થાના પ્રમુખ, મંત્રી, કોષાધ્યક્ષ, ઉપપ્રમુખ, સહ કોષાધ્યક્ષ, સહમંત્રી તથા સર્વે કારોબારી સભ્યો જોડાયા હતા. સાંજે ૪ કલાકે પ.પૂ. જલારામ બાપાનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો તથા ૬.૩૦ કલાકે મહાઆરતી કરવામાં આવી હતી. આરતી બાદ વિરપુર જતા પદ યાત્રિકોને નવાજવામાં આવ્યા હતા. આ પ્રસંગે મહાપ્રસાદમાં દરેક ભકતોને લાડુ, દાળ, ભાત, પુરી, ફુલવડી, બે શાકનું ભોજન પીરસવામાં આવ્યું હતું. આ પ્રસંગે જલારામ સેવા સમાજના મંત્રી જિતેન્દ્રભાઈ સેજાણીએ સર્વે ભાવિક ભકતોને હૃદયપૂર્વક આવકારી દરેક ભકત સાથે પ.પૂ. જલારામ બાપાના પરોક્ષ આશીર્વાદ મેળવ્યા હતાં.

# સે-૭ કુમાર છાત્રાલયના છાત્રોને સંચાલકોએ ૧૦ દિવસ ભુખ્યા રાખ્યા

## દિવાળીની ખરીદી કરવા ઘરેથી મોકલાયેલા રૂપિયા વિદ્યાર્થીઓએ ખાવા પાછળ વાપરવા પડયા...!!

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૭માં સ્થિત ડૉ.બી.આર. આંબેડકર સરકારી કુમાર છાત્રાલયના સંચાલકો દ્વારા છાત્રાલયના તમામ રસોઈયાઓને ૧૦ તારીખથી રજાઓ પર મોકલી દેવાતા ૨૦થી વધુ વિદ્યાર્થીઓએ છેલ્લા ૧૦ દિવસથી સ્વ ખર્ચે ભોજન કરવાનો વારો આવ્યો છે. ઉલ્લેખનીય છે કે દિવાળી કરવા માટે ગામડેથી મોકલવામાં આવેલા રૂપિયા આ વિદ્યાર્થીઓએ સંચાલકોની વૈકલ્પિક વ્યવસ્થાના અભાવે સ્વ ખર્ચે ભોજન કરવા પાછળ વાપરવા પડયા હતાં.

સરકારી કુમાર છાત્રાલય સે-૭ના તમામ રસોઈયા દિવાળી તહેવારને પગલે ૧૦ નવેમ્બરથી રજાઓ પર ઉતરી ગયા છે. રસોઈયાઓને રજાઓ આપી દેવાતા છાત્રાલયના ૨૦ થી ૨૫ છાત્રોને જમવાનો ખુબ જ મોટો પ્રશ્ન ઉભો થવા પામ્યો છે. હોસ્ટેલના સુત્રોના જણાવ્યા મુજબ અગાઉ જયારે રસોઈયાઓને તહેવારમાં રજાઓ આપવામાં આવતી ત્યારે નજીકની નિયત કરેલી ભોજનાલય ખાતે વિદ્યાર્થીઓને જમવા માટ વૈકલ્પિક વ્યવસ્થા પણ કરી આપવામાં આવતી હતી. જેથી વિદ્યાર્થીઓને સ્વ ખર્ચે ભોજન લેવું પડતું નહીં પરંતુ આ વર્ષે દરેક વિદ્યાર્થી છાત્રોએ સ્વ ખર્ચે છેલ્લા દશ દિવસથી સવાર સાંજ બહાર જમવા જવું પડે છે. જેનાથી વિદ્યાર્થીઓમાં રોષની લાગણી ફેલાવા પામી છે.

આ સંદર્ભે છાત્રાલયના વોર્ડન સાથે સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે રસોઈયાઓ રજાઓ પર હોવાથી રસોઈ બની શકતી નથી અને હોસ્ટેલના વિદ્યાર્થીઓએ રીપોર્ટ સબમીટ ન કર્યો હોવાથી કેટલા છાત્રો હાજર છે તેની યાદી મળી શકી ન હોવાથી આ સમસ્યા સર્જાઈ હતી. આવતીકાલથી રાબેતા મુજબ રસોઈ તૈયાર કરાવવા સૂચન કરી દેવામાં આવ્યું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

# એસ.ટી. ડેપોના વર્કશોપમાં હજુ પણ ૧૦ મિકેનીકની ઘટ

## વર્કશોપમાં હાલ ૩૨ મિકેનીક, અંદાજિત ૧૦૦ બસની જાળવણી થાય છે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર એસ.ટી. ડેપોના વર્કશોપમાં મીકેનીકની ઘટના કારણે એસ.ટી.ની ખખડધજ બસોની જાળવણીનું કામ વધુ મુશ્કેલ બન્યું છે. હાલની સ્થિતિએ વર્કશોપમાં ૩૨ મિકેનીક છે. જયારે ૧૦ મિકેનીકની ઘટ છે.

એસ.ટી. ડેપો દ્વારા વિવિધરૂટની અંદાજિત ૧૦૦ જેટલી બસોનું સંચાલન કરવામાં આવે છે. જયારે ઘણી ખરી બસો નિયત કિલોમીટરથી વધુ અંતર કાપી લેતા બ્રેક ડાઉનની ફરિયાદનું પ્રમાણ વધ્યું છે. એસ.ટી. તંત્રની અનિયમિત અને અપૂરતી બસ સેવાના લીધે વિદ્યાર્થીઓ સહિત અન્ય અપડાઉનકર્તાઓને પણ ઘણીવાર બસ સેવા માટે વલખા મારવા પડતા હોવાનો આક્રોશ સમયાંતરે ઉઠવા પામે છે.

આવા સંજોગોમાં વધતી સંખ્યા સામે ડેપોના વર્કશોપમાં મિકેનીકની પણ ઘટ હોવાથી સલામત સવારીને યોગ્ય સમયે મેઈન્ટેઈન કરવાનું કામ કપરું બન્યું છે. થોડા સમય અગાઉ ડિવીઝનલ કચેરી કક્ષાએથી ડ્રાઈવર કડંકટરની ભરતી થતા ઘટનો પ્રશ્ન હળવો થયો છે. પરંતુ સઘળી બસોની સર્વિસ સહિત જાળવણીના મામલે હજુ મિકેનીકની ઘટનો પ્રશ્ન હલ થયો નથી. એસ.ટી. ડેપોમાં હાલની સ્થિતિએ ૩૨ જેટલા મિકેનીક છે જયારે હજુ ૧૦ મિકેનીકની ઘટ હોવાનું ધ્યાને આવ્યું છે.

આ મામલે ડેપો દ્વારા અગાઉ ડિવીઝનલ કચેરીને પણ જાણ કરવામાં આવી છે. એસ.ટી. બસની યોગ્ય જાળવણી માટે મિકેનીકની સમયસર ઘટ નિવારવાનું અનિવાર્ય હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો છે.

# જેઠીપુરા-વલાદ માર્ગ પર ટ્રેલર ચાલકે આધેડને ચગદી માર્યો

## અકસ્માત બાદ રસ્તા વચ્ચે ટ્રેલર મુકી ચાલક ફરાર
## મૃતકની ઓળખ હજુ સુધી થઈ શકી નથી

ગાંધીનગર, તા. ૨૦

નેશનલ હાઈવે નં. ૮ પર જેઠીપુરા વલાદ માર્ગ પરથી પસાર થઈ રહેલા રાજસ્થાન પાસીંગ ટ્રેલરે બપોરના સુમારે એક આધેડને ટાયર નીચે ચગદી નાંખતા ચકચાર મચી જવા પામી છે. બિનવારસી આધેડના મોં પરથી ટાયર ફરી વળતા મો નો ભાગ રોટલો થઈ ગયો હતો. ડભોડા પોલીસે ટ્રેલર જપ્ત કરી તેના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી તેની શોધખોળ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે મૃતક આધેડની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. તેમના વાલીવારસ શોધવા પોલીસે તજવીજ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે નં. ૮ પરથી આર.જે. ૦૯-જીએ-૧૭૯૭ નંબરની ટ્રેલર પુરપાટ ઝડપે બપોરના સુમારે પસાર થઈ રહી હતી. તે દરમ્યાન જેઠીપુરા-વલાદ માર્ગ પરથી પસાર થઈ રહેલા આશરે ૪૫ વર્ષીય આધેડને ટ્રેલર ચાલકે ચગદી માર્યો હતો. ટ્રેલરના ટાયર નીચે ચગદાઈ ગયેલા આધેડનું બનાવ સ્થળ પર જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. અકસ્માત બાદ ટ્રેલર મુકીને ડ્રાઈવર રફુચક્કર થઈ ગયો હતો. રાહદારીઓએ ડભોડા પોલીસને જાણ કરતાં જમાદાર રાજેન્દ્રસિંહ બનાવ સ્થળે દોડી આવ્યા હતા અને ટ્રેલર કબ્જે લઈ મૃતદેહ પી.એમ. માટે મોકલી તેના વાલીવારસ સોધવા તથા ઓળખ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે અને ડ્રાઈવર વિરૂદ્ધ ગુનો દાખલ કરી શોધખોળ આરંભી છે.

### અડાલજ પાસે ટ્રકની અડફેટે પરપ્રાંતિય યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક અડાલજથી કોબા તરફ જવાના માર્ગ પર ચાલતા જઈ રહેલા પર પ્રાંતિય યુવાનને ગઈ મોડી સાંજે પુરપાટ ઝડપે પસાર થઈ રહેલી ટ્રકના ચાલકે અડફેટે લઈ લેતા તેનું કમકમાટી ભર્યું મૃત્યુ નિપજયું હતું. મૃત્યુ પામેલા યુવાનના સાળાની ફરીયાદને આધારે અડાલજ પોલીસે ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ગાંધીનગર પાસે આવેલા અંબાપુર ગામની સીમમાં ઈંટોના ભઠ્ઠા પર રહેતો મુળ છતીસગઢ વિસ્તારનો યુવાન ગઈ કાલે રાત્રે દશેક વાગ્યાના અરસામાં અડાલજથી કોબા તરફ જવાના માર્ગ પર ચાલતો જઈ રહ્યો હતો તે દરમિયાન બેફામ ગતિએ પસાર થઈ રહેલી એક ટ્રકે તે યુવાનને અડફેટે લઈ લીધો હતો. ટ્રકની ટકકરથી ફંગોળાઈને રસ્તા પર પટકાયેલા યુવાનું સ્થળ પર કરૂણ મોત નિપજયું હતું.

મૃતકના સાળા શ્રી કુંજરામ કુરેની ફરિયાદનો આધારે અડાલજ પોલીસે ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી સઘન તપાસ શરુ કરી છે.

# ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદનું ૨૧મીએ સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના મંત્રી રાજેન્દ્ર પારેખે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, શહેર જાગૃત નાગરિક પરિષદના સભ્યોનો સ્નેહ મિલન કાર્યક્રમ તા. ૨૧મી નવેમ્બર-૨૦૧૨ના રોજ બુધવારે સાંજે ૪ કલાકે સિનિયર સિટીઝન્સની ઓફિસ, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે. લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને યોજાનાર સ્નેહમિલન કાર્યક્રમમાં પરિષદના પદાધિકારીઓ, કારોબારી સભ્યો, સલાહકારો, પ્રબુદ્ધ નાગરિકો તેમજ સેવાભાવી સંસ્થાઓના પદાધિકારીઓને ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે.

# આજે પેથાપુર કસ્બામાં ખ્વાજાની છઠ્ઠી યોજાશે

## આમ ન્યાઝ માટે ૧૮ થી ૨૦ ડેગોનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

પેથાપુર યંગ કમિટિના અહેમદખાન પઠાણે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, પેથાપુર કસ્બામાં ખ્વાજાની છઠ્ઠી આજે તા. ૨૧મી નવેમ્બર-૨૦૧૨ને બુધવારે ગામના મુસ્લિમ ભાઈઓના સાથ સહકારથી મનાવવામાં આવશે.

ખ્વાજાની છઠ્ઠી પ્રસંગે ખિચડાની ન્યાઝ બનાવવામાં આવશે. પેથાપુરમાં મોહરમ મહિનાની શરૂઆતથી ઠેર ઠેર હુસેની છબીલોનું આયોજન કરવામાં આવ્યું છે. ખ્વાજાની છઠ્ઠીની શરૂઆત ૧૧ ડેગથી થશે.

આજે આમ ન્યાઝ માટે ૧૮ થી ૨૦ ડેગોનું આયોજન કરવામાં આવે છે. તેમ પેથાપુર યંગ કમિટિની અખબારી યાદીમા જણાવ્યું છે.

# ચિલોડા વિસ્તારમાં રવિ સિઝનમાં ઘઉંનું વાવેતર વધવાના એંધાણો

## ઘઉંના સર્ટીફિકેટ બિયારણ માટે ખેડૂતોની દોડધામ : બિયારણની અછત

ચિલોડા, તા.૨૦

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચાલુ ચાલે ખરીફ પાક તરીકે કપાસનું વધુ વાવેતર થયું હતું. જયારે ચોમાસામાં અનિયમિત અને અપૂરતા વરસાદ સાથે પાછોતર વરસાદે કપાસના પાકને નુકસાન કરતાં ચોમાસુ પાકમાં પુરેપુરો લાભ ખેડૂતોને ન મળતાં ચોમાસુ નિષ્ફળ નિવડતાં ખેડૂતોએ ચાલુ ચાલે રવિ સીઝન પર વધુ મદાર રાખવાનો સંકેત સાંપડી રહ્યો છે. એક બાજુ દિવેલા અને કપાસના પોષણક્ષમ ભાવોના અભાવે ખેડૂતો પાસે ખેતપેદાશો વણવેચાણ પુરવઠો પડી રહ્યો છે જયારે હજુ રવિ સિઝનના પ્રારંભે ઠંડીના ચમકારા સાથે ખેડૂતો રવિ સિઝનમાં આર્થિક બે છેડા ભેગા કરવા અને ઘઉં, રાયડો અને શાકભાજી તરફ વધુ આકર્ષાયા છે.

આ સાથે ચિલોડા પંથકમાં ચાલુ સાલે ઘઉંનું વાવેતર કરવા ખેડૂતો કમર કસી રહ્યા છે. જયાં જુઓ ત્યાં ખેડૂતો ખેતરમાં ટ્રેકટરો દ્વારા ખેત સફાઈ કરી ઘઉંનું ગાળપણ કરવા આતુર બન્યા છે. જયારે ચિલોડા પંથકમાં મંડળી દ્વારા સર્ટીફાઈડ બિયારણનો જથ્થો ખેડૂતોને પુરું પાડવા કટીબધ્ધ બન્યા છે.

જેમાં હાલમાં ઘઉંની ઉત્તમ જાતોમાં ૧૭૩, ૪૯૬ અને ૨૭૩ ઘઉંનું વાવેતર કરવામાં સૌથી વધુ ૪૯૬ ઘઉંના બિયારણની માંગ ખેડૂતો દ્વારા થઈ રહી છે.

જેમાં હાલમાં ચિલોડામાં વીસ હજાર કિલો ઘઉંનું વેચાણ માત્ર મંડળી દ્વારા થઈ ગયું હતું. હજુ યે ઘણા ખેડુતો ઘઉંનું બિયારણ મેળવવા બિયારણ વિક્રેતા કેન્દ્રો પર ટ્રેકટરો લઈ ઘુમી રહ્યા છે. ત્યારે આ વિસ્તારમાં ૪૯૬ જાતના ઘઉં મેળવવા દોધામ કરી રહ્યા છે. ટુંક સમયમાં પુનઃ ઘઉંનો જથ્થો મળે તેવી વ્યવસ્થા થઈ રહી છે.

### સમસ્ત મોચી સમાજનો ૨૫મીએ સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર સમસ્ત મોચી સમાજનો સ્નેહમિલન સમારંભ તા. ૨૫મી નવેમ્બરે સવારે નવ વાગે રાખેલ છે. નિવૃત્ત થયેલ મહાનુભાવોનું સન્માન કરાશે. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા મહેન્દ્રભાઇ રાઠોડને મો. ૯૮૯૮૦૬૭૮૧૩ સંપર્ક કરવા જણાવેલ છે.



ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા મોટા ખાતે ઓમ લેન્ડમાર્ક સ્કુલના પટાંગણમાં ગાંધીનગર, સાબરકાંઠા, અમદાવાદ વિભાગના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા ૩૦૦થી વધુ કાર્યકર મિત્રો માટે પ્રાથમિક શિક્ષણ વર્ગ શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ શિક્ષણ વર્ગમાં સવારે ૫ થી રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધી વિવિધ શારીરિક અને બૌધ્ધિક ક્ષમતા કેળવાય તેવા કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ શિક્ષણ વર્ગમાં તા. ૧૮-૧૧-૧૨ થી ૨૫-૧૧-૧૨ સુધી આખો દિવસ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. આ શિક્ષણ વર્ગના વર્ગ કાર્યવાહક તરીકે પ્રકાશભાઈ પટેલ વિશિષ્ટ સેવા આપી રહ્યા છે. ચિલોડા મોટા ઓમ લેન્ડમાર્ક એજયુકેશન કેમ્પસ ખાતે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સ્વયં સેવકો તાલીમ વર્ગમાં મોટી સંખ્યામાં જોડાયા હતા તે તસવીરમાં દષ્ટિગોચર થાય છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૩
સૂર્યાસ્ત : ૬.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૬ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
જબ તક હૈ જાન : ૯.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૩૦
: સ્ક્રીન-૨ :
સન ઑફ સરદાર : ૧૦.૦૦, ૭.૩૦, ૧૦.૧૫
જબ તક હૈ જાન : ૧.૦૦, ૪.૧૫
: સ્ક્રીન-૩ :
સન ઑફ સરદાર : ૧૨.૦૦, ૬.૩૦
જબ તક હૈ જાન : ૩.૦૦, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
સન ઑફ સરદાર : ૧૧.૩૦, ૫.૪૫
જબ તક હૈ જાન : ૨.૪૫, ૯.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જબ તક હૈ જાન : ૮.૩૦, ૩.૦૦, ૯.૩૦
સન ઑફ સરદાર : ૧૨.૧૫, ૬.૩૦
: સ્ક્રીન-૨ :
સન ઑફ સરદાર : ૮.૩૦, ૧૧.૧૫, ૫.૩૦
જબ તક હૈ જાન : ૨.૦૦, ૮.૩૦
: સ્ક્રીન-૩ :
સન ઑફ સરદાર : ૯.૧૫, ૩.૩૦, ૧૦.૧૫
જબ તક હૈ જાન : ૧૨.૦૦, ૬.૪૫
: સ્ક્રીન-૪ :
સન ઑફ સરદાર : ૭.૩૦, ૨.૩૦, ૯.૦૦
જબ તક હૈ જાન : ૧૦.૩૦, ૫.૩૦

### સૂર્યા, વાવોલ

જબ તક હૈ જાન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રિત ન ભુલાય સાયબા: ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સન ઑફ સરદાર : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
જબ તક હૈ જાન : ૧૨.૧૫, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જબ તક હૈ જાન : ૧૦.૦૦, ૧.૧૫, ૪.૩૦, ૭.૩૫, ૧૦.૪૫

### ચિરાગ, કલોલ

જબ તક હૈ જાન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : લગ્ન સંબંધી ચર્ચા ચાલશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**વૃષભ** : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બની રહ્યા છે. માલ મિલકતના પ્રશ્નો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

**મિથુન** : શત્રુઓથી હાની થવાની સંભાવના છે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપો. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કર્ક** : ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

**સિંહ** : ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

**કન્યા** : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. પ્રિય વ્યક્તિથી ભેટ થશે. વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

**તુલા** : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે.

**વૃશ્ચિક** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. કાર્યની ગતિ બનાવી રાખો. જોખમના કાર્યથી બચવું.

**ધન** : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

**મકર** : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

**કુંભ** : આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે. મનોરંજન. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

## ચિરવિદાય

- સ્વ. મહેશભાઈ દામોદરદાસ ઠક્કર (ઉ.વ. ૫૮) પ્લોટ નં. ૧૪૯૪/૨, સેકટર-૩/ડી, ગાંધીનગર.
- સ્વ. મોહનજી અમરાજી ઠાકોર (ઉ.વ. ૮૫) મુ.પો. નવાપુરા ડભોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ડાહ્યાભાઈ ગણેશભાઈ પરમાર (ઉ.વ. ૮૯) પ્લોટ નં. ૪૪૬/૨, સેકટર-૧૩/એ, ગાંધીનગર.